# ટેકનિકલ ભરતી બોર્ડ

અધ્યક્ષ, ટેકનિકલ ભરતી બોર્ડ અને
અધિક પોલીસ મહાનિદેશક, તકનિકી સેવાઓ
અને એસ.સી.આર.બી.,૭ મો માળ,પોલીસ ભવન,
ગાંધીનગર, પીન–૩૮૨૦૧૮

જાહેરાત ક્રમાંક– TRB/202122/1, TRB/202122/2, TRB/202122/3

---

ગુજરાત રાજ્યના પોલીસ દળ વર્ગ–૩ સંવર્ગ માં વાયરલેસ વિભાગમાં (૧) પોલીસ સબ ઈન્સ્પેકટર (વાયરલેસ) (૨) ટેકનીકલ ઓપરેટર અને (૩) મોટર ટ્રાન્સપોર્ટ વિભાગમાં પોલીસ સબ ઈન્સ્પેકટર (એમ.ટી.) ની સીધી ભરતી માટે તા.૦૧/૧૦/૨૦૨૧ થી તા.૨૦/૧૦/૨૦૨૧ સુધી https://ojas.gujarat.gov.in ઓનલાઈન અરજીઓ કરવા જાહેરાત કરવામાં આવેલ છે.

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૧૪/૧૦/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ.૫. માં જણાવ્યા મુજબ ''સીધી ભરતી માટે ઉપલી વય મર્યાદામાં એક વર્ષની છૂટછાટ તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૨ સુધીના સમયગાળા માટે આપવા'' જણાવેલ છે.

ઉપરોકત સરકારશ્રીના ઠરાવ આધારે નીચે જણાવેલ સુધારા મુજબ ઓનલાઈન અરજી OJAS ની વેબસાઈટ ઉપર કરી શકશે.

## સૂચનાઓ

(૧) ઓનલાઈન અરજીઓ તા.૦૧/૧૦/૨૦૨૧ થી તા.૨૭/૧૦/૨૦૨૧ સુધી OJAS ની વેબસાઈટ ઉપર સ્વીકારવામાં આવશે.

(૨) તા.૦૧/૧૦/૨૦૨૧ થી તા.૨૭/૧૦/૨૦૨૧ દરમ્યાન ઓનલાઈન અરજી કરનાર ઉમેદવારની વયમર્યાદા તા.૨૭/૧૦/૨૦૨૧ ના રોજની સ્થિતિએ ગણવાની રહેશે. તેમજ શૈક્ષણિક લાયકાત, જાતિનું પ્રમાણપત્ર, નોન–ક્રિમીલેયર સર્ટીફીકેટ, વિધવાનું પ્રમાણપત્ર સીધી ભરતી થવા માટેની વધારાની તમામ લાયકાત અને તમામ પ્રકારના સર્ટીફીકેટસ તા.૨૭/૧૦/૨૦૨૧ સુધીમાં ઇસ્યુ થયેલા હોવા જોઇએ.

(૩) ફી ભરવા પાત્ર થતા ઉમેદવારોએ ઓનલાઇન તથા પોસ્ટ ઓફીસમાં ફી ભરવાની છેલ્લી તા.૨૮/૧૦/૨૦૨૧ સુધી રહેશે.

(૪) ઉપરોકત સૂચનાઓ સિવાય તા.૦૧/૧૦/૨૦૨૧ ની OJAS ની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ વિગતવાર ની જાહેરાત (સૂચનાઓ) વાંચી લેવાની રહેશે અને તે બંધનકર્તા રહેશે જે ટેકનીકલ ભરતી બોર્ડની જાહેરાત OJAS વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

સ્થળઃ– ગાંધીનગર
તા.૨૮/૧૦/૨૦૨૧

**(રાજુ ભાર્ગવ, IPS)**
અધ્યક્ષ, ટેકનિકલ ભરતી બોર્ડ અને
અધિક પોલીસ મહાનિદેશક,
તકનિકી સેવાઓ અને એસ.સી.આર.બી.,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર